**वायोरपि विकुर्वाणाद्विरोचिष्णुः तमोनुदम्**
**ज्योतिरुत्पद्यते भास्वत्तद्रूपगुणमुच्यते ॥**

मनुस्मृति ७७(४५)

**તે વાયુના પણ વિકારોત્પાદક અંશમાંથી ઉજ્જવળ અંધકારને નષ્ટ કરનારો પ્રકાશ 'અગ્નિ' ઉત્પન્ન થાય છે તેનો ગુણ 'રૂપ' કહ્યો છે.**

**તંત્રી સ્થાનેથી....**

## આશાઓનો સંચાર થયો છે

સંસદમાં રજૂ થયેલા ૨૦૧૬-૧૭ના વર્ષના સામાન્ય બજેટમાં ખાસ કૃષિ અને ગ્રામીણ ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. પરંતુ વેપાર-ઉધોગ ક્ષેત્રને ખાસ કંઈ અપાયું ન હોવાની છાપને લીધે શેર-બજારોમાં ગભરાટ અને ઘટાડો નોંધાયા બાદ હવે સ્થિતિ ઝડપભેર સુધરી રહી છે. દેશનું અર્થતંત્ર વધુ મજબૂત થવાની પ્રતીતિ બજેટમાં થવા સાથેજ શેરબજારમાં ભારે ઉછાળો આવ્યો છે. બોમ્બે સ્ટોક એકસચેન્જમાં સેન્સેકસમાં સાત વર્ષમાં એક જ દિવસમાં સૌથી વધુ ૭૭૭ પોઈન્ટના ઉછાળાએ આવી પ્રતીતિનું પ્રતિબિંબ પાડયું છે. શેરબજારમાં ૧૫૨ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. દેશમાં બજેટને સંપૂર્ણપણે સમસ્યાના બાદ સ્થિતિ સાવ અલગ બની રહી છે. સરકાર દેશની અર્થતંત્રને સ્થિરતા આપવામાં સફળ થઈ હોવાની તથા વૈશ્વિક અને ઘરઆંગણે પ્રતિકુળ સ્થિતિ વચ્ચે રાજકોષીય ખાદ્યને એક નિયત મર્યાદામાં રાખી શકાઈ હોવાની હકીકતે દેશના વેપાર-ઉધોગ જગતમાં ઉત્સાહ અને આશાનો સંચાર થયો છે કેમ કે રાજકોષીય ખાદ્ય જો મર્યાદામાં રહી હોય તો તેની સીધી અસર ફુગાવાને નિયંત્રણના સ્વરૂપમાં આવે જો ફુગાવો કાબુમાં હોય તો વ્યાજનો દર ઘટાડાવાની આદર્શ સ્થિતિ ગણી શકાય.

સામાન્ય બજેટ રજુ થયા પહેલાના આર્થિક સર્વેક્ષણમાં મોંઘવારીનો દર નિયંત્રણમાં હોવાનો સ્વીકાર કરવામાં આવ્યો છે.આથી આવી આદર્શ સ્થિતિમાં હવે વ્યાજનો દર ઘટાડવા રિઝર્વબેંક નિર્ણય લે તેવી અપેક્ષા દેશના વેપાર અને ઉધોગ જગતની સાથોસાથ ગ્રાહકો અને વપરાશકારોને થાય તે સ્વાભાવિક છે. એચએસબીસી બેંકના એક અહેવાલ પ્રમાણે આરબીઆઈ હવે વ્યાજના દર ઘટાડી શકે તેમ છે. આ અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે આર્થિક વિકાસદરને જાળવવાની સાથોસાથ અર્થતંત્રમાં સ્થિરતાને જાળવવાનું કામ સરકાર માટે સરળ નથી.

શેરબજાર અને ઉધોગજગત આ વખતે વ્યાજના દરમાં અડધા ટકાનો ઘટાડો થવાની ગણતરી કરી રહ્યું છે. વ્યાજના દર ઘટવાથી ધિરાણ સસ્તુ થાય અને તેને પગલે રોકાણકારો વધુ આકર્ષાય મકાનથી માંડી મોટર વાહનો અને અન્ય સાધનો ખરીદવા માટે લોન સસ્તી થતાં ગ્રાહકો તે તરફ વળે અને માંગ વધે તે સીધો અર્થ ઉત્પાદનને ફાયદો થાય તે છે. દેશમાં જયારે આવી આદર્શ તેની સ્થિતિની ઉત્સાહજનક અસર વર્તાવા લાગી છે.

**વૈચારિક ક્રાંતિ માટે વાંચો**
**મહર્ષિ દયાનંદ સરસ્વતી કૃત**
**સત્યાર્થ પ્રકાશ**

# જ્ઞાન વિજ્ઞાનથી સમ્પન્ન નાગરિક જ રાષ્ટ્રની સાચી સમ્પત્તિ બની રાષ્ટ્રના સર્વાંગીણ વિકાસનો આધાર બની શકે છે

**सत्यं बृहदृतमुग्रं दीक्षा तपो ब्रह्म यज्ञः पृथिवी धारयन्ति ।**
**सा नो भूतस्य भव्यस्य पत्न्युरुं लोकं पृथिवी नः कृणोतु ॥**

अथर्ववेद / काण्ड-१२/सूक्त-१/मं.स.-१

સત્ય પછી પૃથ્વીનાં ધારક તત્વ તરીકે 'ઋત' તત્વ છે. પરમાત્મામાં જે નિત્ય જ્ઞાન છે તેમને ઋત કહેવાય છે. ઈશ્વરના ઋત મુજબ જ જગતમાં તમામ નિયમો અસ્તિત્વમાં છે. જે ઈશ્વરીય નિયમો મુજબ બ્રહ્માંડનું સર્જન, પાલન-પોષણ, રક્ષણ અને સંહાર થઈ રહ્યું છે, તે જ ઋત છે. આ પૃથ્વી ઉપર રહેતા તમામ માનવીઓને અનિવાર્ય છે કે તેઓ નિયામકને ભલે ન જોતા હોય પરંતુ નિયમોને જોઈ નિયામકની સત્તાને સ્વીકારે અર્થાત્ આસ્તિક બને. જે પૃથ્વીની ઉપર વસતા મનુષ્યો ઈશ્વરની સત્તાને સ્વીકારતા નથી ત્યાં શાન્તિ સુખ ક્યારેય સંભવે નહિ. પરમાત્મા જે ગુણો વડે આ સૃષ્ટિનું નિ:સ્વાર્થ તેમજ નિષ્પક્ષ સંચાલન કરે છે તેને જાણી પોતે પણ નિ:સ્વાર્થ - નિષ્પક્ષ બની સૃષ્ટિમાં વેદવિહિત કર્મોનું અનુષ્ઠાન કરવું જોઈએ. બૃહતથી બૃહત્તર અને બૃહત્તરથી બૃહત્તમ સ્થિતિને પ્રાપ્ત કરવા ઉત્તમ જ્ઞાન ગુણનાં ધારક પરમાત્મા પ્રત્યે વિશુદ્ધ શ્રદ્ધા, આસ્થા અને પ્રીતિ કરવાવાળો સમાજ હોવો જોઈએ. સત્ય અને ઋત વચ્ચે કારણ-કાર્ય સમ્બન્ધ વિકાસની દૃષ્ટિએ માની શકાય. સત્યાચરણ દ્વારા જ મનુષ્યની દર્શનશક્તિમાં ફેરફાર થાય છે. સત્ય પ્રત્યેની પ્રતિબદ્ધતા મનુષ્ય સમાજને પરમાત્મા તરફ આકર્ષે છે. પરમાત્મા તરફ આકર્ષિત થનાર સદાચારી માટે આ દશ્યમાન જગત હવે ભોગ-દ્રવ્ય માત્ર ન રહીને કલ્યાણકારી પ્રભુની ભક્તિ માટે નૈમિત્તિક આલંબન બની જાય છે. સત્યને બૃહત્ બનાવી = વિકસાવી બ્રહ્માંડમાં પ્રતિષ્ઠિત ઈશ્વરીય વ્યવસ્થા કે પ્રબન્ધને સાક્ષાત્ કરી ઋતસ્વરૂપ = નિરતિશય સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યે દઢ વિશ્વાસવાળો બની જાય છે, પરિણામે માતૃભૂમિનો લાડકો દિવ્ય-દેવપુત્ર સર્વનાં પ્રિય થઈ 'સર્વપ્રિય' તરીકે યશસ્વી થાય છે અને સત્યાધારિત પરમ્પરાનો અગ્રણી પ્રવકતા બને છે.

પૃથ્વીનું ત્રીજું ધારક તત્વ ઉગ્ર છે. રાષ્ટ્ર સંચાલન અને ધરતીને ધારણ કરવા આ તત્વ આવશ્યક છે. સજ્જન પ્રતિ સજ્જનતાપૂર્વક ન્યાયપૂર્ણ વ્યવહાર અને દુષ્ટો પ્રત્યે દઢતાપૂર્વક ન્યાયપૂર્વક આક્રમક તેમજ તેજસ્વી આચરણ અનિવાર્ય છે. બ્રહ્મ તત્વ સૌમ્યતા અને આધ્યાત્મિક સ્વભાવનું સૂચક છે અને ક્ષાત્ર તત્વ ઉગ્રતા, તેજ અને ક્ષત્રિયોચિત વર્ચસ્વનું સૂચક છે. બ્રાહ્મ અને ક્ષાત્ર શક્તિઓનું સામંજસ્ય પૃથ્વીસ્થ લોકો માટે હિતકારી છે.

જે રાષ્ટ્ર શાસ્ત્રો માટે સુરક્ષિત છે ત્યાં જ શાસ્ત્રોનો અભ્યાસ અને વિદ્વાનોનું નિરાપદ ચિન્તન સંભવે છે. પોતાની વાણી ઉપર ચારેય વેદ અને પીઠ ઉપર શસ્ત્ર ધારણ કરનાર ઊર્જાયુક્ત રાષ્ટ્રપુરૂષો જ રાષ્ટ્ર-ધર્તા છે. ફક્ત શાસ્ત્ર કે શસ્ત્રની એકાંગીય વાતો કરનારા ક્યારેય વૈભવશાળી અને નિઃશ્રેયસયુકત રાષ્ટ્રને પ્રકટ નહીં કરી શકે. બ્રાહ્મ અને ક્ષાત્ર બંને શક્તિઓનો યથાસમય ઉપયોગ કરી શાશ્વત સનાતન ધર્મની રક્ષા કરનારાઓ જ ખરા અર્થમાં રાષ્ટ્રભક્ત છે.

ઉગ્રતાનું બીજું નામ 'દંડ' છે. 'દંડ' વડે જ શાસક પોતાની પ્રજા ઉપર ન્યાયપૂર્વક શાસન કરે છે.

**दण्डः शास्ति प्रजाः सर्वा दण्ड एवाभिरक्षति ।**
**दण्डः सुप्तेषु जागर्ति दण्डं धर्मं विदुर्बुधाः ॥**

मनुस्मृति-७/१८

દંડ પ્રજાનો શાસક છે; તે જ પ્રજા-રક્ષક છે. દંડને કારણે જ પ્રજા નિર્ભય અને નિ:શંક થઈ સુખદ નિદ્રાનું સેવન કરે છે. કારણ કે પ્રજા જાણે છે કે રાજાનો દંડ રાત્રિમાં પણ જાગીને સર્વત્ર દુષ્ટો, ઠગો, ચોરો, લુંટેરાઓ અને મવાલિયો ઉપર નજર રાખે છે. 'દંડ' અને 'ધર્મ' સમાનાર્થક છે.

દીક્ષા એટલે રાષ્ટ્ર - રક્ષા (મૂલ્ય-રક્ષણ) માટે સ્વયંને સમર્પિત કરવાનો ગુણ.

**व्रतेन दीक्षामाप्नोति** - यजुर्वेद

પૃથ્વીને સંધારણ કરવા રાજાને પણ પ્રતિજ્ઞા લેવાની હોય છે. રાષ્ટ્રને પરાધીનતાના સકંજામાંથી મુક્ત કરાવવા દીક્ષિત રાષ્ટ્ર ભક્તોએ જે મહાન પુરૂષાર્થ કર્યો છે, તે 'દીક્ષા' ગુણને જ ફાળે જાય છે. માતૃભૂમિ ઉપર ન્યાય-ધર્મનું સ્વશાસન સ્થાપિત કરવા અનેક દીક્ષિતો પોતાનું સર્વસ્વ હોમી રાષ્ટ્ર-યજ્ઞના મહાન

**..વેદવાણી**
**અવધેશ પ્રસાદ પાંડેય (ગાંધીનગર)**

યજમાન બની ગયા. આવા યજમાનો જે પણ દેશમાં હશે, તે દેશની ભૂમિ યજ્ઞશાળા છે. ત્યાં ન્યાય-ધર્મની પ્રજ્જવલિત જવાલાઓ પતાકાની જેમ ઉગ્ર (તેજસ્વી) રાષ્ટ્ર ભાવનાને જાગૃત રાખવા શુભ સંકેત સમા બની રહે છે.

દીક્ષિત વ્યક્તિનું જીવન સ્વ-અર્થે નહિ પણ સર્વ-અર્થે સમર્પિત થઈ જતું હોય છે. તેમની બધી જ પ્રવૃત્તિઓ પ્રાણીમાત્રના હિતાર્થે સમર્પિત હોય છે.

જીવનની દરેક અવસ્થામાં માતૃભૂમિ ઉપર વસતાં તમામની ચિન્તા કરનાર સાચો દેશ-ચિન્તક, રાષ્ટ્ર-ભક્ત કે પ્રભુ-ભક્ત છે. રાષ્ટ્ર-ભક્તિને ઈશ્વર-ભક્તિથી પૃથક કરીને જોનાર આંધળો, છલી અને દંભી છે. દંભી રાષ્ટ્રવાદના નામે અનેક આડંબરીઓ અત્યારે સંસારમાં સત્તા ભોગવી પ્રજાને ગેરમાર્ગે દોરી રહ્યા છે : દા.ત. સામ્યવાદ. સામ્યવાદી વિચારધારા તથ્યહીન રાષ્ટ્રભક્તિને લઈને ચાલનારી પાખંડી અને પાંગળી વિચારધારા છે.

પોતાના દેશવાસીઓ માટે સહિષ્ણુતા, સુખ-દુ:ખ, ઠંડી-ગરમી, હાનિ-લાભ, માન-અપમાન જેવા દ્વન્દ્વોને સહન કરતો માનવી વાસ્તવિક અર્થમાં તપસ્વી છે. નાની-નાની વાતો કે સ્વાર્થો માટે રાષ્ટ્ર-દ્રોહ કરનારાઓ તપહીન અપવિત્ર રાષ્ટ્ર-સેવકો છે. અલ્પ લાભાર્થે પણ સિદ્ધાંત ભંગ કરી દેનાર વ્રત કે તપભંગીઓથી દરેક રાષ્ટ્રને સાવધાન રહેવાની જરૂર છે. સાચા રાષ્ટ્ર-ભક્તો આડંબરહીન, સરળ અને લૌકિક ઐશ્વર્યોથી સદૈવ દૂર રહે છે. શ્રી રામ અને યોગેશ્વર શ્રીકૃષ્ણનાં જીવનને જોઈને પોતાની જાતની સતત પરીક્ષા કરતા રહેવું જોઈએ.

**જીવનની દરેક અવસ્થામાં માતૃભૂમિ ઉપર વસતાં તમામની ચિન્તા કરનાર સાચો દેશ ચિન્તક, રાષ્ટ્ર-ભક્ત કે પ્રભુ-ભક્ત છે. રાષ્ટ્ર-ભક્તિને ઈશ્વર-ભક્તિથી પૃથક કરીને જોનાર આંધળો, છલી અને દંભી છે.**

જે દેશમાં બ્રહ્મ = વેદવિદ્યાની પ્રતિષ્ઠા જ નથી તે દેશ મહાન-રાષ્ટ્રની પ્રતિષ્ઠા ક્યારેય મેળવી નહીં શકે. બ્રહ્મ દ્વારા પ્રદત્ત બ્રહ્મ-વિદ્યાની અવહેલના કરનાર રાષ્ટ્ર કે સમાજ ક્યા આદર્શો વડે રાષ્ટ્ર-નિર્માણ કે મનુષ્ય-નિર્માણનું શ્રેષ્ઠતમ કાર્ય યશસ્વી બનાવશે ? ધર્મ, અધ્યાત્મ અને દર્શન જેવી પરાવિદ્યાઓની સાથે-સાથે રાષ્ટ્રોત્થાનનાં કાર્યો પ્રત્યે પણ પોતાની ભૂમિકા ભજવવી દરેક પૃથ્વી-પુત્રોની અનિવાર્ય ફરજ છે. જ્ઞાન-વિજ્ઞાનથી સમ્પન્ન નાગરિક જ રાષ્ટ્રની સાચી સમ્પત્તિ બની રાષ્ટ્રના સર્વાંગીણ વિકાસનો આધાર બની શકે છે.

સાતમું અને છેલ્લું પૃથ્વીનું ધારક તત્વ 'યજ્ઞ' છે. સામૂહિક યોગક્ષેમને ધ્યાનમાં રાખીને લોકોપકાર માટે કરવામાં આવતું શ્રેષ્ઠકર્મ 'યજ્ઞ' છે. 'યજ્ઞ' નો અભિપ્રાય રાષ્ટ્ર-હિતાર્થે કૃત સર્વ શ્રેષ્ઠ કર્મો. ધરતી ઉપર વસતા તમામ જડ-ચેતન પદાર્થોના રક્ષાર્થે કરવામાં આવતા દરેક કર્મ 'યજ્ઞસંજ્ઞક' છે. કોઈ પણ કામને નાનું ન સમજી તેમની પાછળ રહેલી રાષ્ટ્ર-સેવકની ભાવ-ભૂમિકા જ મહત્વની છે. મોટો સેવક (અધિકારી) જો અપવિત્ર સ્વાર્થ ભાવના સાથે કર્મરત હશે તો તેમનું મોટું કર્મ 'યજ્ઞકર્મ' ની કોટિમાં નહિં આવે, જ્યારે નાનો સેવક શુદ્ધ ભાવથી નાનું કર્મ પણ કરતો હશે, તો તે કર્મ 'યજ્ઞકર્મ' અને કર્તા સાચો રાષ્ટ્ર-ભક્ત અને ઈશ્વર-ભક્તિ કહેવાશે.

આ ઈશ્વર દ્વારા પ્રદત્ત પૃથ્વી જ અમારા બધાની ભૂત-ભવિષ્યની રક્ષિકા અને પાલિકા છે. ભૌતિક ઉન્નતિથી લઈ આધ્યાત્મિક ઉન્નતિની અધિષ્ઠાત્રી આ જ છે. સમસ્ત ઉન્નતિ, પ્રગતિ અને કલ્યાણને વહન કરવાવાળી આ પૃથ્વી આપણી 'માતૃભૂમિ' છે. ભૂતની સંવાહિકાની સાથે ભવિષ્યની નિર્ધારિકા પણ છે. સર્વાધાર ઈશ્વર દ્વારા પ્રતિષ્ઠાને પ્રાપ્ત ધરા સર્વને ધારણ કરી સર્વનું રક્ષણ પોષણ કરી રહી છે. આ ધરા ઉપર આપણે વેદમંત્ર દ્વારા ઉપદિષ્ટ સાતેય તત્વોનું અવતરણ કરાવી ફરીથી એને સ્વર્ગભૂમિ બનાવીએ. ભૂમિ ઉપર વસતાં માનવીઓ જ્યારે ધર્મસ્વરૂપ સાતેય તત્વોને પોતાના જીવનમાં ચરિતાર્થ કે અનુશીલન કરશે ત્યારે જ અધર્મનો નાશ અને અવ્યક્ત ધર્મ દરેકના જીવનમાં અભિવ્યકત થઈ જશે. જીવન - વ્યવહારમાં સાતેય તત્વોને મૂર્તિમન્ત કરવા આપણે બધા જ અમૃત-પુત્રો અને ભૂમિ-પુત્રો કટિબદ્ધ બની આપણા રાષ્ટ્રને ગૌરવશાળી અને ક્રાંતિયુક્ત બનાવીએ.

## ટંકારા

.....પાન ૧નું શેષ...

માહિત આપતા જણાવ્યું હતું કે, મહર્ષિ દયાનંદ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિદેશોમાં પણ લોકોના પ્રેરણાસ્ત્રોત બન્યા છે અને સ્વામીજીની કિર્તિ વિશ્વ પ્રસિદ્ધ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજકોટ અને ટંકારાની વચ્ચે એક હવાઈ મથક બનાવવાની યોજના બની રહી છે. શ્રી સુરેશચંદ્ર અગ્રવાલે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, ચંદીગઢ પાસે સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભાના આંતરરાષ્ટ્રીય કાર્યાલય માટે જમીનની ખરીદી કરી લેવામાં આવી છે તથા ટૂંક સમયમાં ત્યાં નિર્માણ કાર્ય શરૂ કરી દેવામાં આવશે.

સ્વામી શાંતાનન્દજીએ ઉપસ્થિત જનસમુદાયને સંબોધતા જણાવ્યું હતું કે, સોળ સંસ્કારોનું અનુષ્ઠાન કરીને પુનઃ એક દયાનંદ સમાન મહાન પુરુષને જન્મ આપવાની તૈયારી કરવા માતા-બહેનોને સંકલ્પ લેવડાવ્યો હતો. શ્રી અજય સહગલે ટંકારા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી. ડૉ. મહેશ વેદાલંકારે પોતાના સારગર્ભિત પ્રવચનમાં સ્વામી દયાનંદને શ્રદ્ધાંજલિ અર્પતા જણાવ્યું હતું કે, આપણે મહર્ષિ દયાનંદના બતાવેલા રસ્તા ઉપર ચાલવું જોઈએ.

સાંજના સત્રમાં આર્યસમાજ ટંકારાના પ્રાંગણમાં મહાનુભાવો તથા સંન્યાસીઓની ગરિમામય ઉપસ્થિતિમાં એક સંક્ષિપ્ત કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત યજ્ઞથી કરવામાં આવી હતી. આ પ્રસંગે આર્યસમાજ ટંકારાના ઉપમંત્રી શ્રી દેવકુમાર દ્વારા આર્યસમાજ, ટંકારા દ્વારા કરવામાં આવતા વિવિધ સેવાકાર્યોની જાણકારી આપવામાં આવી હતી તથા મંત્રી શ્રી હસમુખભાઈ પરમારે આર્યસમાજ, ટંકારાના સ્વર્ણિમ ઈતિહાસની જાણકારી આપી હતી. શ્રી દિનેશ પથિકજીએ ઋષિ દયાનંદના જીવનને પ્રકાશિત કરતા ભજનો પ્રસ્તુત કર્યા હતા. શ્રી અજય સહગલે પોતાના પ્રવચનમાં આર્યસમાજ, ટંકારા ખાતે એક નવીન ભવનના નિર્માણ માટે સહયોગ કરવાની આર્યજનોને અપીલ કરી હતી. અંતમાં સ્વામી શાંતાનંદજીએ ધ્યાન સંધ્યા કરાવી શાંતિપાઠ કરાવ્યા હતા.

આ કાર્યક્રમો દરમ્યાન દરરોજ સવારે ટંકારાના ગ્રામજનો દ્વારા પ્રભાત ફેરીનું આયોજન કરાયું હતું. ૭ મી માર્ચના રોજ સન્યાસીઓ, મહાનુભાવો તથા આર્ય વિદ્વાનોના નેતૃત્વમાં એક વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ યાત્રામાં દેશ-વિદેશથી પધારેલા આર્ય સમાજો તથા સંસ્થાઓએ બેનરો દ્વારા પોતાનો પરિચય આપ્યો હતો તથા આર્યવીરોએ પોતાનું શારિરીક પ્રદર્શન કર્યું હતું.શોભાયાત્રા દરમિયાન ટંકારાના ગામવાસીઓ દ્વારા આર્યજનો માટે શરબત, છાસ વગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી. મુસ્લિમ સમુદાય દ્વારા પણ આર્યજનો માટે ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. આમ સોહાર્દપૂર્ણ વાતાવરણમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો. ભોજનની સંપૂર્ણ વ્યવસ્થા શ્રી રણજીતભાઈ પરમારે સંભાળી હતી આર્ય સમાજ, ભુજના યુવાઓ, માતાઓ અને બહેનોને શ્રદ્ધાપૂર્વક ભોજન વિતરણની વ્યવસ્થા સંભાળી હતી.

૮મી માર્ચના રોજ યજ્ઞની પૂર્ણાહૂતી બાદ યુવા સંમેલન રાખવામાં આવ્યું હતું. આ સંમેલનમાં શ્રી હસમુખભાઈ પરમાર તથા આચાર્ય રામદેવજીએ પોતાના પ્રેરક પ્રવચન બાદ સૌનો ધન્યવાન વ્યક્ત કર્યો હતો.

**દયાનંદ ટાઈમ્સ**
**શુભેચ્છક વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક,
સેક્ટર-૨૧,
ગાંધીનગર-૩૮૨૦૨૧.
મો.-૯૪૨૮૪-૨૨૨૮૬

# આળસ મનુષ્યનો મહાન શત્રુ છે

વર્ષો પહેલાંની વાત છે. રામપુર ગામમાં ધપોરચંદ નામનો એક માણસ રહેતો હતો. તે ખૂબ જ આળસુ અને કામચોર હતો. આથી ગામના લોકો તેને કંઈક કામ કરવાની શિખામણ આપતાં, પરંતુ તેના પર કોઈ અસર થતી નહોતી.

રાતદિવસ તે વિચારતો રહેતો કે કાશ.. મને દાટેલું ધન મળી જાય તો પોતાના માટે એક શાનદાર મહેલ બનાવી દઉં અને ઘણા બધા નોકરો રાખી આરામથી જીવન પસાર કરૂં. ધપોરચંદની પત્ની કામિની ખુબ દુ:ખી હતી. તે બિચારી આખો દિવસ મહેનત-મજૂરી કરી બાળકો અને પતિનું પેટ ભરતી હતી. કામિની જો ધપોરચંદને કંઈક કામ કરવાનું કહેતી તો તે તેને મારવા-પીટવા માંડતો. તેની પાસે એક ખેતર પણ હતું, પરંતુ મહેનતના અભાવે તે ઉજ્જડ બની ગયું હતું. એકવાર ભીષણ દુકાળ પડ્યો. ચારે બાજુ હાહાકાર મચી ગયો. લોકો ભૂખે મરવા લાગ્યા. કામિની ખૂબ ચિન્તિત હતી. પરંતુ ધપોરચંદ તો પહેલાની જેમ કલ્પનાઓની દુનિયામાં ખોવાયેલો રહેતો. કામિનીએ જે કંઈક રકમ બચાવી હતી તે પણ પૂરી થવા આવી હતી. આ સમયે ગામમાં એક સંત આવ્યા. તે મધુર ભાષામાં પ્રવચન કરતા હતા. ગામના લોકો ખૂબ શ્રદ્ધાથી તેમના પ્રવચનો સાંભળતા હતા.એક દિવસ કામિની તે સંત પાસે ગઈ અને પોતાનું દુ:ખ રજુ કર્યું. તેની વાત સાંભળી સંત બોલ્યા -'બેટી ધીરજ રાખ, બધું બરાબર થઈ જશે. બસ તું તારા પતિને મારી પાસે મોકલજે. તું તેને કહેજે કે સંત તને દાટેલા ધન વિષે સરનામું આપશે.'

કામિની પ્રણામ કરી ઘરે ગઈ અને પોતાના પતિને સંતે કહ્યા મુજબ જણાવ્યું. ધપોરચંદ તો દોડતો જ સંત પાસે ગયો અને કહ્યું-'મહારાજ, મને જલ્દી દાટેલા ધન વિષે જાણકારી આપો.' સંત બોલ્યા-'બેટા,આરામથી બેસ. હું તને ધન કયાં છે તે બતાવું છું.'

'જલ્દી કહો મહારાજ, પળે પળે મારી વ્યાકુળતા વધતી જાય છે'-ધપોરચંદે કહ્યું.'તે ધનને પ્રાપ્ત કરવું એટલું સરળ નથી પુત્ર! તારે તનતોડ મહેનત કરવી પડશે'- સંત બોલ્યાં.'હું કંઈપણ કરવા તૈયાર છું મહારાજ, બસ જલ્દી કહો.'

સંતે કંઈક વિચાર્યું અને કહ્યું -'શું તારી પાસે ખેતર છે.' ધપોરચંદે 'હા' કહી માથું હલાવ્યું. 'તો ચાલ, તને હું ત્યાં જ જગ્યા બતાવીશ.' સંત ધપોરચંદને લઈ ખેતર તરફ ચાલવા લાગ્યા. ત્યાં પહોંચી તેમણે એક સમતળ જમીન પર ખૂબ મોટું વર્તુળ દોરી કહ્યું-' જો પુત્ર, આ વર્તુળની અંદર જ તારૂં ધન છુપાયેલું છે. અહીં તું ખોદવાનું શરૂ કર. અને હા.. એ વાતનું ધ્યાન રાખજે કે જો તેં પરિશ્રમ કરવામાં આળસ કરી તો તને કંઈપણ હાથ નહીં લાગે.''હું આપની આજ્ઞાનુસાર જ કામ કરીશ. મહેનત કરવામાં જરાપણ પાછીપાની નહીં કરૂં' એમ કહી ધપોરચંદે હાથમાં પાવડો લઈ ખોદવાનું શરૂ કર્યું. તેના મગજમાં બસ એકમાત્ર ધન પ્રાપ્ત કરવાની ધૂન હતી. રાતદિવસ તે જમીનને ખોદતો રહ્યો. ધીરે-ધીરે તે ઉંડાણથી ખોદતો ગયો. ત્યાં જ એક દિવસ ધપોરચંદે જમીન પર એક કોદાળી મારી તો અંદરથી પાણીનો ફુવારો ફૂટી નીકળ્યો. ધપોરચંદ ગભરાઈ ગયો અને દોડતો સંત પાસે પહોંચી ગયો.

'મહારાજ...મહારાજ...ત્યાં ધન તો ન મળ્યું, પરંતુ પાણીથી તો આખું ખેતર ભરાઈ ગયું. હવે તે ધન મને ક્યારે મળશે?''ધીરજ રાખ બેટા, તું ધનની નજીક પહોંચી જ ગયો છે'- સંતે જવાબ આપ્યો. 'હવે તું આવતી કાલે ખેતરને ખેડી બીજ વાવી દેજે અને પછી કુવાના પાણીથી સિંચાઈ કરજે. થોડા દિવસોમાં જ છોડ થશે અને તેના ઉપર ફૂલો આવશે. ત્યારપછી તું માલામાલ થઈ જશે.' ધપોરચંદને યુક્તિ બતાવી ગામને છોડી સંત દૂર અન્યત્ર ચાલ્યા ગયા. ધપોરચંદને તો ધન પ્રાપ્ત કરવાની તીવ્ર ઈચ્છા હતી જ. તેને ખેતરને ખેડી બી વાવી સિંચાઈ કરી. બીજમાંથી ફણગાં ફૂટી દિવસોદિવસ વૃદ્ધિ પામવા લાગ્યા. લહેરાતા પાકને જોઈ ધપોરચંદનું મન આનંદથી ઝૂમી ઉઠ્યું. ધીરે-ધીરે તેના મગજમાંથી 'દાટેલા ધન' નું પાગલપન દૂર થઈ ગયું. તે વધુ લગનથી ખેતરની રક્ષા કરવા લાગ્યો. દુકાળ હોવા છતાં તેના ખેતરમાં સારામાં સારો પાક થયો હતો. હવે તે મહેનતનું મૂલ્ય સમજી ચૂકયો હતો.

કેટલાક દિવસો પછી ફરીથી તે સંત તે ગામમાં આવ્યા. સૌપ્રથમ તેઓ ધપોરચંદના ખેતરમાં ગયા અને બોલ્યા-'બેટા ધપોરચંદ, મળી ગયું ને તને દાટેલું ધન?' ધપોરચંદ સંતના ચરણોમાં પડી ગયો અને કહેવા લાગ્યો-'આપે તો મારી આંખ ખોલી નાંખી. હવે લોકો મને આળસુરામ નહીં ચતુરસિંહ કહે છે.'

**(શિક્ષા: આળસ મનુષ્યનો શત્રુ છે. તેથી તેને ત્યાગી સાચી લગનથી કઠોર પરિશ્રમ કરવો જોઈએ. યોગ્ય પદ્ધતિથી કરેલી મહેનત મીઠું ફળ આપે છે.)** - મહેન્દ્ર ગાંધી

# શ્યામજી કૃષ્ણ વર્મા : સ્વદેશાય સ્વાહા ઈદમ્ મમ !

અભ્યાસકાળ દરમ્યાન હોસ્ટેલમાં સાથે ભણેલા માંડવી (કચ્છ)ના એક મિત્ર સાથે હમણાં આકસ્મિક મુલાકાત થઈ. વાતવાતમાં મેં તેને પૂછ્યું 'તમારા ગામમાં શ્યામજી કૃષ્ણ વર્માની કોઈ સ્મૃતિ છે ? જવાબમાં તે કહે કે 'છે ને એક બાવલું છે. એ સિવાય બહુ ખબર નથી. અમારે ત્યાં તો ભાટિયા શેઠિયાઓનું ચલણ જ વધારે. આવા બિનગુજરાતી શેઠિયા બહુ ઓછા !!' પરંતુ મિત્રના 'જ્ઞાન' થી મને જરાયે આઘાત ન લાગ્યો. કારણ કે આપણે સૌએ સાથે મળીને આ મેધાવી દેશભક્તની બેહદ ઉપેક્ષા કરીને તેમને બિનગુજરાતી જ નહીં પરંતુ બિનભારતીય પણ બનાવી દીધા છે.



૨૪ ઓગષ્ટ-૨૦૦૩ના રોજ પંડિત શ્યામજી કૃષ્ણ વર્માના અસ્થિ પૂરા તોંતેર વર્ષ બાદ સ્વદેશમાં પધારી રહ્યાં હતાં ત્યારે તેમનાં જ ગામમાં અને રાજ્યમાં કેટલાંક લોકો તેમના જીવન અને કર્તૃત્વ વિષે જાણે છે એ પ્રશ્ન કરવો જ અસ્થાને છે. ઈતિહાસ અભ્યાસી ચંદ્રકાંત બક્ષી અનેકવાર દર્દ સાથે લખે છે કે હિન્દુ પ્રજા ઈતિહાસ પ્રત્યે તદ્દન ઉદાસીન છે અને એવી ગાડરિયા મનોવૃત્તિ ધરાવતી પ્રજાનું મુકદ્દર તેમના હાથમાં નથી હોતું.

ઈતિહાસ પ્રત્યેની આપણી ઉદાસીનતાનો અંગ્રેજોએ ભરપૂર લાભ લીધેલો. એમણે ભણાવેલો સગવડિયો ઈતિહાસ ઘીના શીરાની જેમ આપણે ગળે ઉતરી ગયો. એમણે કહ્યું એટલે આપણા પરાજીત માનસે સ્વીકારી લીધું કે આપણે તો સતતહારવા માટે ટેવાયેલાં છીએ. ૧૮૫૭નાં વિપ્લવને તેમણે સિપાહીઓના બળવા તરીકે ખપાવ્યો અને આપણું રૂંવાડું ન ફરક્યું. વિનાયક દામોદર સાવરકરે અનેક પુસ્તકો - દસ્તાવેજો - તથ્યોનું અધ્યયન કરીને ૧૮૫૭નાં સ્વાતંત્ર્ય સંગ્રામની ખરી હકીકતોને પ્રકાશમાં લાવીને પહેલી વાર આપણા ગાડરિયા માનસને દોરતાં પરદેશી ભરવાડોને પડકારવાનું પરાક્રમ કરેલું, એ સાવરકર અને તેમના જેવા અનેક મરજીવાઓને ક્રાંતિની દીક્ષા અને જિંદગીની દિશા આપનાર મહાન દેશભક્ત એ પંડિતજી શ્યામજી કૃષ્ણ વર્મા !! આ નરપૂંગવ આપણા ગુજરાતના હતા અને સ્વદેશના કલ્યાણ કાજે પોતાનું સર્વસ્વ કરી ચૂક્યા હતા. એમનું જીવન એક એક ગુજરાતી માટે ગૌરવ અને પ્રેરણાયુક્ત છે. પણ કમનસીબે આજની એસએમએસ જનરેશન તેનાથી હતાશાજનક રીતે બેખબર અને બેપરવાહ છે.

**નિર્ધન પરંતુ અત્યન્ત તેજસ્વી શ્યામજીનો એ જ અરસામાં મહર્ષિ દયાનંદ સરસ્વતી (એ પણ ગુજરાતનું ઉપેક્ષિત ગૌરવ... ! બલિહારી ધરા ગુર્જરી...!!) સાથે સંપર્ક થયો અને એ સાથે શ્યામજીની ઓજસ્વીતાને નવું પરિણામ મળ્યું. સ્વામી દયાનંદની પ્રેરણાએ શ્યામજીને સંસ્કૃતના પ્રકાંડ અભ્યાસુ તો બનાવ્યા જ, પરંતુ પ્રખર રાષ્ટ્રવાદી એવા સ્વામીજીએ તેમને રાષ્ટ્રીય ચેતનાનો પ્રહરી થવાનો મંત્ર ફૂંક્યો.**

ચોથી ઓક્ટોબર ૧૯૫૭ના રોજ કચ્છના માંડવી શહેરમાં ભાટિયા જ્ઞાતિમાં અત્યન્ત ગરીબ પરિવારમાં જન્મેલાં શ્યામજી બુદ્ધિમત્તામાં અત્યંત તેજસ્વી હતાં. વધુ અભ્યાસ માટે એક ભાટિયા શેઠની સહાયથી મુંબઈ આવેલાં શ્યામજીએ ગુજરાન ચલાવવા માટે શબ્દશઃ ઘરઘાટીનું કામ કરેલું. પરંતુ તારાનાં તેજમાં ચંદ્ર છુપે નહીં, સૂર્ય છૂપે નહીં બાદલ છાયો... ! નિર્ધન પરંતુ અત્યન્ત તેજસ્વી શ્યામજીનો એ જ અરસામાં મહર્ષિ દયાનંદ સરસ્વતી (એ પણ ગુજરાતનું ઉપેક્ષિત ગૌરવ... ! બલિહારી ધરા ગુર્જરી...!!) સાથે સંપર્ક થયો અને એ સાથે શ્યામજીની ઓજસ્વીતાને નવું પરિણામ મળ્યું. સ્વામી દયાનંદની પ્રેરણાએ શ્યામજીને સંસ્કૃતના પ્રકાંડ અભ્યાસુ તો બનાવ્યા જ, પરંતુ પ્રખર રાષ્ટ્રવાદી એવા સ્વામીજીએ તેમને રાષ્ટ્રીય ચેતનાનો પ્રહરી થવાનો મંત્ર ફૂંક્યો.

**ગાંધીજી અને નહેરૂવંશના જ ગુણગાન ગાતાં આપણાં ઈતિહાસનાં પાઠ્યપુસ્તકો, આપણું ભવિષ્ય સંપન્ન બને એ માટે પોતાનાં વર્તમાનની આહુતિ આપનારા આવા સપૂતોને ભૂલી જાય છે. આઝાદી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી કે એકાદ ગાંધીજી કે નહેરૂએ અપાવી હોય !**

આ સમય દરમ્યાન જ ઓક્સફર્ડ યુનિ.ના સંસ્કૃતનાં પ્રકાંટ

**સ્વદેશ કલ્યાણ કાજે પોતાનું સર્વસ્વ સ્વાહા કરી જનારા પંડિત શ્યામજી કૃષ્ણ વર્માનું જીવન દરેક ગુજરાતી માટે ગૌરવયુક્ત છે. પરંતુ કમનસીબે આજની એસએમએસ જનરેશન તેનાથી હતાશાજનક રીતે બેખબર અને બેપરવાહ છે**

વિદ્વાન મોનિયર વિલિયમ્સે કોઈ ભારતીય મદદનીશની સ્વામી દયાનંદની પૃછ્છા કરી. ઈ.સ. ૧૮૭૯માં આ હેતુથી ઈંગ્લેન્ડ ગયેલાં શ્યામજી નોકરી કરતા રહીને બેરીસ્ટર થયા. ઈ.સ. ૧૯૮૮માં ભારત પરત ફરેલ શ્યામજીએ બેરીસ્ટર તરીકે ખૂબ નામના મેળવી. એ ઉપરાંત રતલામ, અજમેર, ઉદયપુર અને જૂનાગઢના દિવાન તરીકે પણ કામગીરી બજાવી. આ સમય દરમ્યાન રાષ્ટ્રની તત્કાલિન પરિસ્થિતિ વિશેનું તેમનું ચિંતન વધુ ગંભીર બન્યું. ઉપરાંત રજવાડાઓનાં દિવાનપદનાં અનુભવથી ખોખલી થતી જતી રાજ વ્યવસ્થા અને અંગ્રેજોનો પ્રચંડ પગદંડો અનુભવ્યો. આ પરિસ્થિતિમાં વૈચારિક સ્વાતંત્ર્ય માટે ઈંગ્લેન્ડના કંઈક અંશે મુક્ત વાતાવરણમાં રહીને જ મક્કમ અને ચોક્કસ દિશાસુઝ સાથે કાર્ય કરવાના નિર્ધાર સાથે ઈ.સ. ૧૮૯૭માં તેમણે પત્ની સાથે દેહ છોડ્યો. એ પછી ક્યારેય તેમને માતૃભૂમિનાં દર્શન થવાનાં ન હતાં.

લંડનમાં રહીને તેમણે હોમરૂલ સોસાયટીની સ્થાપના સાથે ભારતની આઝાદીની ચળવળને બુલંદ બનાવી. આ ઉપરાંત ઈન્ડિયન સોશ્યોલોજીસ્ટ નામનું અખબર શરૂ કરર્યયું. આ અખબારના માધ્યમથી તેમણે ભારતીય યુવાનો માટે અનેકવિધ શિષ્યવૃત્તિઓની જાહેરાત કરી. જેની શરત એટલી જ કે આ શિષ્યવૃત્તિનો લાભ લીધા પછી બ્રિટીશ સરકારની નોકરી ન કરવી ! ભારતના અનેક તેજસ્વી યુવાનો આ શિષ્યવૃત્તિના માધ્યમથી ઈંગ્લેન્ડ પહોંચ્યા અને ક્રાંતિની દીક્ષા પામ્યા. જેમાં પ્રમુખ નામ છે વિનાયક દામોદર સાવરકર...! શ્યામજીએ લંડનમાં ત્રણ માળનું એક મકાન ખરીદીને તેને ઈન્ડિયા હાઉસ નામ આપ્યું. આ ઈન્ડિયા હાઉસ વિદેશમાં ભારતની આઝાદીનાં આંદોલનનું તીર્થધામ બની ગયું. સાવરકર ઉપરાંત મદનલાલ ધીંગરા, કુંજવિહારી ઘોષ, સેનાપતિ બાપટ.... કેટકેટલાં દેશભક્ત સપૂતોને ઈન્ડિયા હાઉસે જન્મ આપેલો ! આ દરેક પ્રવૃત્તિમાં શ્યામજીને અત્યંત સક્રિય પણે યોગદાન આપનાર ગુજરાતનું વધુ એક ઓજસ્વી (અને ઉપેક્ષિત!) રત્ન એટલે સરદારસિંહ રાણા ! (ભાજપનાં વર્તમાન પ્રદેશ પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણાના પરદાદા!!)

ઈંગ્લેન્ડમાં અત્યન્ત નિર્ભિક્તપણે પ્રવૃત્તિ ચલાવ્યા પછી સરકારી દબાણ વધતા શ્યામજીએ પેરિસમાં નિવાસ કર્યો. ઈન્ડિયન સોશ્યોલોજીસ્ટની ધાર તેમણે સરદારસિંહ અને મેડમ કામાની મદદથી વધુ તેજીલી બનાવેલી. (ઈન્ડિયન સોશ્યોલોજીસ્ટનાં દુર્લભ અંકોનું વરિષ્ઠ પત્રકાર વિષ્ણુ પંડ્યાએ જતનપૂર્વક સંકલન કર્યું છે. આ દળદાર અને મહામોલું પુસ્તક મા.જે.પુસ્તકાલયમાં બીજા પુસ્તકોની આડશ તરીકે વપરાશ છે!) એ પછી ફ્રાંસ અને ઈંગ્લેન્ડ વચ્ચે પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન સંધિ થતાં ઈ.સ. ૧૯૧૪માં શ્યામજીએ પ્રવૃત્તિની સલામતી ખાતર સ્વીટ્ઝરલેન્ડ પ્રયાણ કર્યું અને જીવનની અંતિમ ક્ષણ સુધી દેશ સેવા માટે તન, મન, ધન શબ્દશઃ સ્વાહા કરી દીધું.

અત્યન્ત મેધાવી, વિચક્ષણ અને ત્યાગ સંપન્ન જીંદગી જીવનાર આ મહાન સપૂતની સ્મૃતિમાં આપણે શું કર્યું ? માંડવીમાં એક બાવલું મૂક્યું, એક રસ્તાને નામ દઈ દીધું.... બસ ! ગાંધીજી અને નહેરૂ વંશના જ ગુણગાન ગાતાં આપણાં ઈતિહાસનાં પાઠ્યપુસ્તકોમાં આપણું ભવિષ્ય સંપન્ન બને એ માટે પોતાનાં વર્તમાનની આહુતિ આપનારા આવા સપૂતોને ઈરાદાપૂર્વક ભૂલી જવાતાં હોય તેમ નથી લાગતું ? આઝાદી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી કે એકાદ ગાંધીજી કે નહેરુ લાવી આપે. આઝાદી માટેનાં અનેકવિધ પ્રયત્નો હતા. અને દેશકાજે જિંદગી અર્પણ કરકતાં આ સપૂતોને ભૂલવા જેવું બીજું કોઈ પાપ નથી.

દેશકાજે જલાવતન જિંદગી બસર કરનાર,મહાન ગુજરાતી દેશભક્ત શ્યામજી કૃષ્ણ વર્માનાં અસ્થિ, તોંતેર વર્ષ દેશ બહાર રઝળ્યા પછી સ્વદેશની માટીમાં વિલિન થવા પધારી રહ્યાં છે. તેનાં દર્શન અને સ્મૃતિથી આંખનાં ખૂણે જરા પણ નમી બાઝે તો આપણે ધન્ય થઈશું.

**- ધૈવત ત્રિવેદી (સાભાર : સમભાવ)**




# સમસ્યાઓ દરેક વ્યક્તિની સામે ઉભી થાય છે

**સમસ્યા - સમાધાન**



**આચાર્યં જ્ઞાનેશ્વરજી દ્વારા**
**સમસ્યા-સમાધાન વિષયક ઉપદેશકોનો સંગ્રહ**
**સંપાદક તથા ભૂમિકા લેખક ડૉ. રાધાવલ્લભ ચૌધરી**
**૧૫**
**અનુવાદિકા**
**આર્યા વાનપ્રસ્થા જયાબેન પોરિયા (યુ.કે.)**

આપણા મનમાં આ સિદ્ધાંત બનવો જોઈએ કે ગમે તેટલી નજીકની વ્યક્તિપણ મે ન હોય, તે વ્યક્તિ અજ્ઞાનતાને કારણ, સ્વાર્થને કારણ અથવા અન્ય કોઈ કારણોથી આપણો વિરોધ કરી શકે છે. તે આપણા માટે સમસ્યાઓ પેદા કરી શકે છે, તે આપણી સાથે વિશ્વાસઘાત કરી શકે છે, અન્યાય કરી શકે છે અને હાનિ પણ પહોંચાડી શકે છે - એમ માનીને ચાલવું જોઈએ. જે વ્યક્તિ એમ માનીને ચાલે છે, તેને દુઃખ થતું નથી, સમસ્યા રહેતી નથી. સમસ્યા ત્યારે જ ઉભી છે અને થયેલી જ રહે છે, જ્યારે એ વિચાર કરીએ છીએ કેએ તો કદી એવું કરશે જ નહીં, એ મારી સાથે છળકપટ કરશે જ નહીં, એ તો અન્યાય કરશે જ નહીં.

ભૂમિકા : સ્વાર્થની અનુકૂળતા હોય છે ત્યારે મિત્ર તથા પ્રતીકૂળતા હોય છે ત્યારે શત્રુ બની જાય છે.

(૧૯) વ્યક્તિ અનુકૂળતા હોવા પર અનુકૂળ અને પ્રતિકૂળતા હોવા પર પ્રતિકૂળ વ્યવહાર કરે છે.

આ સિદ્ધાંત અમે શીખ્યો છે, આ જ્ઞાનનો અમે આવો પ્રયોગ કરીએ છીએ. જેમ કે આજ કોઈ બ્રહ્મચારી આ વિદ્યાલય (ગુરુકુળ)થી ભાગી જાય તો અમારા મનમાં એક ક્ષણ માટે પણ દુઃખ નહિ થાય, કારણ કે અમે એમ માનીને ચાલીએ છીએ કે તે પોતાની અુકૂળતાથી અહીં રહે છે. પોતાની ઈચ્છાથી અહીં અધ્યયન કરે છે. જે દિવસે પ્રતિકૂળતા અનુભવશે, તે દિવસે તેઓ અહીથી ચાલ્યા જશે. તેઓના જવાથી કોઈ દુઃખ નહીં થાય. હું પણ મારી પોતાની અુકૂળતાથી અહીં આશ્રમમાં રહું છું. જ્યાં સુધી મારી અનુકૂળતા છે, ત્યાં સુધી હું અહીં રહીશ. જ્યારે અહીં પ્રતિકૂળતા થઈ જશે જે દિવસ મને અહી હાની દેખાશ, ઘણું કષ્ટ લાગશે, ત્યારે હું એક દિવસ પણ અહીં રહીશ નહિં.

વિદ્યાર્થી ત્યાં સુધી જ વિદ્યાલય (ગુરુકુળ)માં રહેશે જ્યાં સુધી તેને એ પ્રતીતિ થશે કે અહીં હાનિ કમ છે અને લાભ અધિક છે, અનુકૂળતા અધિક છે, પ્રતિકૂળતા થોડી છે, અસુવિધા થોડી છે, સુવિધાઓ અધિ છે, પતન કમ છે ઉન્નતિ અધિક છે. જે દિવસે વિદ્યાર્થીના મનમાં આવી જાય કે અહીંયા હાનિ થઈ રહી છે, અવનતિ થઈ રહી છે, દુઃખ છે, બંધન છે, પીડા છે, અન્યાય છે, પક્ષપાત છે, તો તે દિવસસે તે વિદ્યાર્થી વિદ્યાલયથી ભાગી જશે.

વ્યક્તિએ પોતાના પરિવારના સદસ્યોના વિષયમાં, પોતાના મિત્રોના વિષયમાં, પોતાના પરિજનોના વિષયમાં પ્રત્યેક વ્યક્તિના વિષયમાં આ પ્રકારનો દ્રષ્ટિકોણ પોતાના મસ્તિષ્કમાં બનાવીને ચાલવું જોઈએ કે કોઈ વ્યક્તિ ગમે ત્યારે અજ્ઞાનતાનાં કારણે સ્વાર્થના કારણે, બીજાનાં દ્વાા ભ્રમિત કરવાનાં કારણે અથવા અન્ય કારણોથી અમારો વિરોધ કરી શકે છે, અમારી હાનિ કરી શકે છે, અમારા વિષયમાં ખોટા વિચાર કરી શકે છે, અમારા વિષયમાં શંકા કરી શકે છે, અમારા પ્રતિ આરોપો લગાવી શકે છે.

જો એવું વિચારશે તેને સમસ્યા આવશે તો પણ તે સહન કરી લેશે. જેની પાસે આ સમાધાન નથી, તે તો ચિંતાઓ કરવા લાગશે. ચિંતા કરતાં કરતાંતેને ભોજન ફિક્કુ લાગશે, ભૂખ નહિ લાગે, ઉંઘ નહિ આવે, યજ્ઞ ઉપાસનાની વા તોદૂર રહી, તે તો પોતાનું સામાન્ય કામ પણ નહિં કરી શકે. તે વ્યક્તિ અતિ ચિંતાતુર થઈ બ્રેઈન-હેમરેજ અથવા હાર્ટ-એટેક લાવી, મૃત્યુને પ્રાપ્ત થઈ જશે. તે વ્યક્તિ જો સશક્ત હશે, બળવાન હશે તો તે પોતાનું બ્રેઈન-હેમરેજ નહિં થવા દે પરંતુ બીજાઓના બ્રેઈન-હેમરેજ કરાવી દેશે, તેઓને મારશે, તેઓનું અનિષ્ટ કરી દેશે. બે પ્રકારની સ્થિતિઓ બનશે.કાંતો વ્યક્તિ સ્વયં મરશે, દુઃખી થશે, પાગલ બનશે, પોતાનું અનિષ્ટ કરશે અને રોગી બની જશે અથવા તો સ્વયુ સશક્ત હોય છે, તો તે પોતાની હાનિ કરશે નહિં. પરંતુ તે સમાજ, પરિવાર અનેબીજી વ્યક્તિઓની હાનિ કરશે. એટલા માટે સમસ્યાનું એક ઘણું મોટું સમાધાન છે - મનની ઉપર સંયમ રાખવો.

ભૂમીકા : આચાર્યજી દુઃખનો ભાર કમ કરવા માટે, દુઃખથી પાર ઉતરવા માટે, દુઃખ નિવારણની એક સફળ ઔષધિનો નિર્દેશ કરી રહ્યા છે.

(૨૦) લૌકિક નહિ પરંતુ આધ્યાત્મિક દ્રષ્ટિકોણના ચિંતમાં સમસ્યાના સમાધાનનો સમાવેશ છે.

સમસ્યાઓ દરેક વ્યક્તિની સામે ઉભી થાય છે અને અનેક વ્યક્તિઓની પાસે તેનું સમાધાન મોજુદ હોતું નથી. જે રીતે સામાન્ય લૌકિક વ્યક્તિ વિચાર કરે છે, લૌકિક દ્રષ્ટિકોણથી ચિંતન કરે છે, તે રીતે ચિંતન કરનારી વિચાર કરનારી વ્યક્તિ સમસ્યાઓનું સમાધન કાઢી શકતી નથી.

'અષ્ટાંગ યોગથી વિદ્યાર્થીઓનો વ્યક્તિત્વ વિકાસ' વિષય પર

# મહર્ષિ દયાનંદ વિશ્વવિદ્યાલય, હરિયાણા ખાતે સ્વામી વિવેકાનંદજીનું પ્રવચન યોજાયું



દર્શનયોગ મહાવિદ્યાલયના નિદેશક સ્વામી વિવેકાનંદજીએ તાજેતરમાં જ તેમની પ્રચારયાત્રા દરમિયાન હરિયાણા સ્થિત મહર્ષિ દયાનંદ વિશ્વવિદ્યાલય ખાતે અષ્ટાંગ યોગથી વિદ્યાર્થીઓનો વ્યક્તિત્વ વિકાસ વિષય ઉપર મનનીય પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે વિશ્વવિદ્યાલયના પ્રાધ્યાપક, ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીઓ તથા અનેક વિશેષ બુદ્ધિજીવી વ્યક્તિઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતમાં રસપ્રદ શંકા-સમાધાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

